RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

# NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 225 Date: 05.06.2024,wednesday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

## પાંચ વિધાનસભા બેઠકો માટે યોજાયેલી પેટા ચૂંટણીમાં ભાજપનો ભવ્ય વિજય




ગાંધીનગર,

દેશમાં લોકસભાની સાથેજ રાજ્યમાં પાંચ વિધાનસભા બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી. આ તમામ બેઠકો પર ભાજપનો પરચમ યથાવત જોવા મળ્યો છે. ખાસ કરીને પોરબંદરની વાત કરવામાં આવે તો પોરબંદર વિધાનસભા બેઠક પર અત્યારે બીજેપીના ઉમેદવાર અર્જુન મોઢવાડિયાની ભવ્ય જીત થઈ છે. વિગતે વાત કરવામાં આવે તો આ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર રાજુ ઓડેદરાને માત્ર ૧૬૦૯૬ મત મળ્યા છે, જ્યારે બીજેપીના ઉમેદવાર અર્જુન મોઢવાડિયાને ૧૩,૧૮૫૪ મત મળ્યા આથી અર્જુન મોઢવાડિયા ૧૧,૫૭૫૮ મતોની લીડથી જીત્યા છે.

આ સાથે વિધાનસભાની પેટા ચૂંટણીમાં માણાવદર વિધાનસભા બેઠકની વાત કરવામાં આવે તો અહીં પણ ભાજપનો વિજય થયો છે. વિગતે વાત કરીએ તો ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર અરવિંદ લાડાણીને ૮૨,૦૧૭ તો કોંગ્રેસ ઉમેદવાર હરિભાઈ કણસાગરને ૫૧,૦૦૧ મત મળ્યાં છે. જેથી આ બેઠક પર ભાજપના ઉમેદવારની ૩૧,૦૧૬ મતના લીડ સાથે ભવ્ય જીત થઈ છે.

વિધાનસભા પેટા ચૂંટણીના પરિણામની વાત કરવામાં આવે તો વિજાપુર બેઠક પર મતદાન યોજાયું હતું. આ પેટા વિધાનસભા ચૂંટણીમાં સી.જે ચાવડાની જીત થઈ છે. તમને જણાવી દઈએ કે, વિજાપુર વિધાનસભા બેઠક પર સી.જે ચાવડાની ભવ્ય જીત થઈ છે. ખાસ વિગતે વાત કરવામાં આવે તો, સી.જે ચાવડાની ૫૪ હજાર મતો સાથે જીત થઈ છે. આ બેઠક પર સી.જે ચાવડાને ૧,૦૦,૬૪૧ મતો મળ્યા હતા. જ્યારે સામેલ દિનેશ પટેલને ૪૪,૪૧૩ મત મળ્યા હતા. જેથી આ બેઠક પર સી.જે ચાવડાની ૫૬,૨૨૮ મતાના લીડ સાથે જીત થઈ છે.

જયારે, ખંભાત વિધાનસભા બેઠક પર ભારતીય જનતા પાર્ટીનો વિજય થયો છે. અહીં ખંભાતના કોંગ્રેસ ધારાસભ્ય પદેથી ચિરાગ પટેલનું રાજીનામું આપ્યું હતું. ત્યાર બાદ તેઓ ભાજપમાં જોડાયા અને ભાજપ તરફથી વિધાનસભાની ચૂંટણી લડ્યા હતા. નોંધનીય છે કે, આ બેઠક પરથી તેમને ૮૮,૪૫૭ મતો સાથે ૩૮,૩૨૮ ની લીડ સાથે જીત મેળવી છે. આ સાથે કોંગ્રેસની વાત કરવામાં આવે તો મહેન્દ્રસિંહ પરમારને ૫૦,૧૨૯ મત મળ્યા છે. જ્યારે વિપક્ષના ઉમેદવાર મહિપાલસિંહ ચૌહણને ૧૫,૮૧૬ અને મનુભાઈ વણકરને માત્ર ૮૦૬ મત મળ્યા હતા.

વાઘોડિયા વિધાનસભા બેઠક પર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર ધર્મેન્દ્રસિંહ વાઘેલાની જીત થઈ છે. વિગતે વાત કરવામાં આવે તો આ બેઠક પર ભાજપ ઉમેદવાર ધર્મેન્દ્રસિંહ વાઘેલાને ૧,૨૧,૨૬૫ મત મળ્યા છે. તો સામે કોંગ્રેસ ઉમેદવાર કનુ ગોહિલને ૪૨,૫૦૦ મત મળ્યાં છે. આ સાથે ભાજપના ઉમેદવાર ધર્મેન્દ્રસિંહ વાઘેલાની ૭૮,૭૬૫ મતોથી ભવ્ય જીત છે. નોંધનીય છે કે, વાઘોડિયાના અપક્ષના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ ધારાસભ્ય પદેથી રાજીનામું આપ્યું હતું.

## 'PM મોદીની વિશ્વસનિયતા ઘટી, તેમણે રાજીનામું આપવું જોઈએ', મમતાના વડાપ્રધાન પર આકરા પ્રહાર




લોકસભા ચૂંટણીના પરિણામો પર પ્રતિક્રિયા આપતા પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને તૃણમૂલના વડા મમતા બેનરજીએ કહ્યું કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિશ્વસનિયતામાં ઘટાડો થયો છે. મોદીજીએ પોતાના દમ પર બહુમતી મેળવી નથી. તેમણે તાત્કાલીક રાજીનામું આપવું જાઈએ.' આ ઉપરાંત તેમણે દાવો કર્યો હતો કે, ઘણાં સ્થળોએ તૃણમૂલ ઉમેદવારોની જીત થઈ હોવા છતાં તેમને સર્ટિફિકેટ અપાયા નથી.

ગઠબંધનની બેઠકમાં સામેલ નહીં થાય મમતા

તૃણમૂલના વડા મમતા બેનરજીએ કહ્યું છે કે, 'હું માત્ર એટલું જ ઈચ્છું છું કે તમામ રાજ્યોને તેમની આવકનો હિસ્સો મળવો જોઈએ. હું ઈચ્છું છું કે ઈડી-સીબીઆઈનો દુરુપયોગ બંધ થાય. અમે દેશભરમાં આંદોલન શરૂ કરીશું.' મમતાએ રાજકીય પક્ષોને અપીલ કરી છે કે, 'પૈસા કે કેન્દ્રીય એજન્સીઓના ડરથી ભાજપ સાથે ન રહો, આવો અમારી સાથે જોડાઓ. હું આવતીકાલે (પાંચમી જૂન) I.N.D.I.A ગઠબંધનની બેઠકમાં ભાગ લઈ શકીશ નહીં, પરંતુ હું ચોક્કસ કોઈને મોકલીશ કારણ કે મારે મારા લોકોની સુરક્ષા કરવાની છે. હું અભિષેકને દિલ્હી મોકલીશ.

## કોંગ્રેસ જ નહીં આ પક્ષે ભાજપને આપ્યો સૌથી મોટો ઝટકોઃ ૨૫ વર્ષ બાદ મેળવી આવી સફળતા



આ વર્ષે લોકસભા ચૂંટણીમાં ભાજપને ૪૦૦થી વધુ બેઠક મેળવવાની આશા હતી. પરંતુ તેને નિરાશા હાથ લાગી છે. અત્યાર સુધીના ટ્રેન્ડ પ્રમાણે તે માત્ર ૨૯૪ સીટો પર જ આગળ છે. આ પરિણામો વચ્ચે તમામની નજર ઉત્તર પ્રદેશ પર છે. અખિલેશ યાદવની સમાજવાદી પાર્ટીએ રાજ્યમાં ૩૭ બેઠકો પર પોતાની લીડ જાળવી રાખી છે. જો આ જ વલણ જળવાઈ રહે તો આ ૨૫ વર્ષમાં તેનું શ્રેષ્ઠ પ્રદર્શન હશે.

અગાઉ ૧૯૯૯ની સામાન્ય ચૂંટણીમાં સપાએ ૪૧ લોકસભા બેઠકો જીતી હતી. ત્યારબાદ ૨૦૦૪માં તેના ૩૬ સાંસદો જીત્યા હતા. તેમજ ૨૦૦૯માં ૨૩ બેઠક મળી હતી. ત્યારબાદ ૨૦૧૪માં ભાજપ લહેર દરમિયાન તેને માત્ર ૫ બેઠકો મળી હતી. ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં પણ તે ૫ પર જ રહી હતી. આવી સ્થિતિમાં આ વખતે ૩૭ બેઠકો જીતવી ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે.

આ સફળતા અખિલેશ યાદવ માટે પણ મોટી રાહત લઈને આવી છે. ૨૦૧૭માં વિધાનસભા ચૂંટણી હારતા પહેલા તેમને ૨૦૧૪ની સામાન્ય ચૂંટણીમાં હારનો સામનો કરવો પડ્યો હતો. ત્યારબાદ ૨૦૧૯ અને ૨૦૨૨ની સામાન્ય ચૂંટણીઓમાં પણ અખિલેશ યાદવને નિરાશાનો સામનો કરવો પડ્યો હતો.

૧૦ વર્ષ બાદ હવે તેમની પાર્ટી રાજ્યમાં સૌથી વધુ બેઠકો જીતી રહી હોય તેવું લાગી રહ્યું છે. એટલું જ નહીં સપાની સાથે કોંગ્રેસને પણ લાંબા સમય બાદ ઉત્તર પ્રદેશમાં ૮ સીટો મળી શકે છે. આ રીતે અખિલેશ યાદવ અને રાહુલ ગાંધીના યુપીના બે છોકરાના નારા કામ કરી ગયા એવું લાગી રહ્યું છે.

આ જીત સાથે સમાજવાદી પાર્ટીએ પણ પોતાની વોટ ટકાવારીમાં નોંધપાત્ર વધારો કર્યો છે. આ વખતે તેમને ૩૨ ટકાથી વધુ વોટ મળ્યા છે. જો કે યુપીમાં ૪૧ ટકા વોટ મળવા છતાં ભાજપને માત્ર ૩૩ સીટો પર લીડ મળી છે.

## દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ૧૫ જૂન સુધીમાં ગુજરાતમાં આવી શકે છે

અમદાવાદ,તા.૩

ગુજરાતના મોટાભાગના જિલ્લાઓ આ દિવસોમાં ભારે ગરમીની ઝપેટમાં છે. જો કે, આ દરમિયાન હવામાન વિભાગ તરફથી રાહતના સમાચાર આવ્યા છે.આઈએમડી અનુસાર, દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ૧૫ જૂન સુધીમાં ગુજરાતમાં આવી શકે છે. ચોમાસાના આગમનની સાથે જ ગુજરાતના લોકોને કાળઝાળ ગરમીમાંથી રાહત મળવાની આશા છે.

દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ૩૦ મેના રોજ નિર્ધારિત સમય પહેલા કેરળ પહોંચી ગયું હતું. તે જ સમયે, અત્યાર સુધી ચોમાસું તમિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, પશ્ચિમ બંગાળ અને પૂર્વોત્તર રાજ્યોમાં પહોંચી ગયું છે અને ટૂંક સમયમાં ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશમાં પહોંચવાની સંભાવના છે. હવામાન વિભાગ અનુસાર, ૧૫ જૂન સુધીમાં મધ્યપ્રદેશ અને ગુજરાતમાં ચોમાસું પ્રવેશી શકે છે.

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં આ સમયે ભારે ગરમી પડી રહી છે. આ દિવસોમાં ગાંધીનગરમાં દિવસનું તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસથી ઉપર રહે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગાંધીનગરમાં આખું સપ્તાહ આકરી ગરમી યથાવત રહેશે.આઈએમડીના જણાવ્યા અનુસાર આ સમગ્ર સપ્તાહમાં ગાંધીનગરનું મહત્તમ તાપમાન ૪૨ થી ૪૩ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૮ થી ૨૯ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહેવાની શક્યતા છે.

અમદાવાદમાં આ દિવસોમાં ખૂબ જ ગરમી છે અને દિવસનું તાપમાન ૪૨ ડિગ્રી સેલ્સિયસની આસપાસ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અમદાવાદમાં આ સપ્તાહ દરમિયાન આકરી ગરમી યથાવત રહેવાની સંભાવના છે.આઈએમડી અનુસાર, આ સમગ્ર સપ્તાહમાં અમદાવાદનું મહત્તમ તાપમાન ૪૨ થી ૪૪ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૮ થી ૩૦ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહેવાની શક્યતા છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર જૂનના અંત સુધીમાં દિલ્હીમાં ચોમાસું આવી શકે છે. જયારે બિહાર, ઝારખંડ, છત્તીસગઢ, મધ્યપ્રદેશના કેટલાક ભાગો અને ગુજરાતના કેટલાક ભાગોમાં, ચોમાસાના આગમનની સામાન્ય તારીખ ૧૦ થી ૧૫ જૂનની વચ્ચે છે. આ વર્ષે ચોમાસું નિર્ધારિત સમય પહેલા દેશમાં પ્રવેશ્યું છે, જેના કારણે એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે ચોમાસું તેના નિર્ધારિત સમય પહેલા અન્ય રાજ્યોમાં પહોંચી શકે છે.

## જનતા પર મોંઘવારીનો ડબલ એટેક! અમૂલ બાદ હવે મધર ડેરીએ દૂધમાં ભાવ વધારો કર્યો

અમદાવાદ,તા.૪

રવિવારે અમૂલ ડેરીએ દૂધની કિંમતમાં પ્રતિ લીટરે બે રૂપિયાનો વધારો કર્યો હતો. આ નવી કિંમત આજથી સમગ્ર દેશમાં લાગૂ પડી છે. અમૂલનાં આ નિર્ણયન બાદ સોમવારે મધર ડેરીએ દૂધનાં ભાવમાં વધારો કર્યો હતો. હાલમાં કીમતમાં વધારો માત્ર દિલ્લી-એનસીઆરમાં જ કરવામાં આવ્યો છે. અમૂલની જેમ મધર ડેરીની કિંમતમાં બે રૂપિયાનો વધારો કર્યો છે. મધર ડેરીએ કહ્યું કે ૩ જૂન ૨૦૨૪ થી બજારમાં પ્રવાહી દૂધની કિંમતમાં પ્રતિ લીટરે ૨ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.

મધર ડેરીનું ફુલ ક્રીમ દૂધ હવે દિલ્હી-એનસીઆરમાં ૬૮ રૂપિયા પ્રતિ લીટરના ભાવે ઉપલબ્ધ થશે. ટોન્ડ દૂધની કિંમત ૫૬ રૂપિયા પ્રતિ લિટર હશે. જ્યારે ડબલ ટોન્ડ દૂધ ૫૦ રૂપિયા પ્રતિ લીટરના ભાવે મળશે. ભેંસનું દૂધ ૭૨ રૂપિયા પ્રતિ લીટર અને ગાયનું દૂધ ૫૮ રૂપિયા પ્રતિ લીટરના ભાવે મળશે. તમામ પ્રકારના દૂધના ભાવમાં ૨ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. લોકસભા ચૂંટણીના પરિણામના એક દિવસ પહેલા મધર ડેરીએ આ નિર્ણય લીધો છે.

મધર ડેરીએ પણ ટોકન મિલ્કના દરમાં વધારો કર્યો છે. હવે નવી કિંમત ૫૪ રૂપિયા પ્રતિ લિટર છે. ગઈકાલ (રવિવાર) સુધી આ દૂધ ૫૨ રૂપિયા પ્રતિ લીટરના ભાવે મળતું હતું. ભાવ વધારાના નિર્ણય અંગે મધર ડેરીએ જણાવ્યું હતું કે કંપની છેલ્લા કેટલાક મહિનાઓથી ઊંચા ભાવે દૂધ ખરીદતી હતી પરંતુ લોકો માટે જૂનો દર યથાવત રાખવામાં આવ્યો હતો. ગરમીના કારણે દૂધ ઉત્પાદન પર પણ અસર પડી છે અને ભવિષ્યમાં પણ આવું થવાની શક્યતા છે.

મધર ડેરી હાલમાં દિલ્હી-એનસીઆરમાં દરરોજ ૩૫ લાખ લિટર તાજા દૂધનું વેચાણ કરે છે. તેણે છેલ્લે ફેબ્રુઆરી ૨૦૨૩માં તેના પ્રવાહી દૂધના ભાવમાં ફેરફાર કર્યો હતો. મધર ડેરીના જણાવ્યા અનુસાર, તે દૂધના વેચાણમાંથી થતી આવકના ૭૫-૮૦ ટકા હિસ્સો પ્રાપ્તિમાં ખર્ચે છે. આ 'ડેરી ફાર્મિંગ'ની ટકાઉપણું અને ગુણવત્તાયુક્ત દૂધની ઉપલબ્ધતાને સુનિશ્ચિત કરવામાં મદદ કરે છે.

જે અમૂલ બ્રાન્ડ હેઠળ ડેરી ઉત્પાદનોનું માર્કેટિંગ કરે છે, તેણે રવિવારે સમગ્ર દેશમાં દૂધના ભાવમાં લગભગ રૂ. ૨નો વધારો કર્યો હતો. વધેલી કિંમતો સોમવારથી લાગુ થઈ ગઈ છે.જીસીએમએમએફએ રવિવારે મોડી રાત્રે જારી કરેલા નિવેદનમાં જણાવ્યું હતું કે પ્રતિ લિટર રૂ. ૨નો વધારો મહત્તમ છૂટક ભાવમાં ત્રણથી ચાર ટકાનો વધારો કરશે, જે સરેરાશ ખાદ્ય ફુગાવા કરતાં ઘણો ઓછો છે.

## તંત્રી લેખ......

# રશિયાના હુમલા બાદ યુક્રેનમાં વીજળી ગુલ, ઠેરઠેર અંધારપટ્ટ છવાયો

રશિયાએ યુક્રેન પર સતત હુમલા યથાવત્ રાખ્યા છે. જો કે આ વખતે રશિયાએ યુક્રેનના ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર મોટાપાયે હુમલો કર્યો છે. તેમજ પૂર્વી ડોનેટ્સક પ્રાંતમાં લાભ થયાનો દાવો કર્યાના એક દિવસ પછી, યુક્રેન રવિવારે દેશના મોટાભાગના ભાગોમાં તાકીદનો વીજકાપ લાધી દીધો છે.

શનિવારે પાવર પ્લાન્ટ્સને નિશાન બનાવતા ડ્રોન અને મિસાઇલ હુમલા બાદ યુક્રેનના ત્રણ સિવાયના તમામ વિસ્તારોમાં પાવર કટ થઈ ગયો હતો. આ હુમલાઓમાં ઓછામાં ઓછા ૧૯ લોકો ઘાયલ થયા છે. યુક્રેનની સરકારી માલિકીની વીજળી ગ્રીડ ઓપરેટર યુક્રેનર્ગોએ જણાવ્યું હતું કે આઉટેજથી ઔદ્યોગિક અને ઘરેલું ગ્રાહકો બંનેને અસર થઈ છે.

તાજેતરના અઠવાડિયામાં યુક્રેનના પાવર ગ્રીડ પર પુનરાવર્તિત રશિયન હુમલાઓએ સરકારને દેશવ્યાપી બ્લેકઆઉટ લાદવાની ફરજ પાડી છે. હુમલાનો જવાબ આપવા અને સમારકામ કરવા માટે પર્યાપ્ત હવાઈ સંરક્ષણની ગેરહાજરી ઉનાળાના અંતમાં અને ઠંડા શિયાળામાં માંગમાં વધારો થવાને કારણે વીજળીની અછતને વધુ ખરાબ કરી શકે છે. ગયા એપ્રિલમાં થયેલો હુમલો તાજેતરના સમયમાં સૌથી મોટો હુમલો હતો, જેણે કિવના સૌથી મોટા થર્મલ પાવર પ્લાન્ટને નુકસાન પહોંચાડ્યું હતું. બીજો મોટો હુમલો ૮ મેના રોજ થયો હતો, જેમાં ઘણા વિસ્તારોમાં વીજ ઉત્પાદન અને વીજ વિતરણ સંસ્થાઓને નુકસાન થયું હતું. યુક્રેનની વાયુસેનાએ શનિવારના હુમલા પછી રવિવારે કહ્યું હતું કે હવાઈ સંરક્ષણ દળોએ રાતોરાત તમામ ૨૫ ડ્રોનને તોડી પાડ્યા હતા.

# ચૂંટણી પૂરી થયા પછી હવે શું? ભાવ વધારો !

લોકસભાની ચૂંટણી પૂરી થઈ. સાત સહેલિયા જેવા સાત તબક્કાના મતદાને તંત્ર, ઉમેદવાર અને પાર્ટીઓને રીતસરના ફીણ લાવી દીધા. રેઢિયાળ રોડ શો, ભાડૂતી ભીડથી અધૂરા ઘડાની જેમ છલકાતી ભીડ, મુદા ભટકાવતો પ્રચાર, સ્ટ્રેટ્રજી વિનાની સ્ટ્રેટીજી. કોઠી ધોઈએ એટલે ગંગાજળ કે અમૃત ન નીકળે. પરંતુ, ચૂંટણીમાં પાણી વલોવીને પનીર કે ચીઝ બનાવવા ભરચક કોશિશ થઈ. દેશના પૈડાં માનો કે થંભી ગયા. પ્રિન્ટ મિડીયા, ઈલેકટ્રોનિક મિડીયા (એન્ટી) સોશિયલ મિડીયા અસત્ય અફવા ગોસિપ, ફૂવડતા પીરસતા રહ્યા. અહમ્ બ્રહોસ્મિ અને સામેવાળો પરમ્ ભ્રમોસ્મિનો જયજયકાર થયો.ચૂંટણીમાં શુચિતા એ આકાશકુસુમવત્ બની રહી. બેકારી, મોંઘવારી , આરોગ્ય, શિક્ષણ જેવા નક્કર મુદાને બદલે માછલી, માંસ, મિટ, મંગળસૂત્ર, મુસલમાન, ભેંસ ચોરી, નળ ઉખેડવા જેવા વિષાકત મુદાઓ હાવી રહ્યા.

પેટ્રોલ-ડિઝલના ભાવો બજાર આધારિત મિકેનિઝમ પર આધારિત છે તેવી દુહાઈ દેનારા શાસકો ચૂંટણી સમયે પેટ્રોલ-ડિઝલના ભાવમાં એક કાવડિયું ન વધે તેવી જડબેસલાક વ્યવસ્થા કરે છે.ચૂંટણી સમયે નગરપાલિકા દિવસમાં બે વાર પાણી આપે છે. એકાદ કલાક તો શું એક સેકન્ડનો વીજકાપ ન થાય તેવો પ્રબંધ કરે છે. શાકભાજી , દૂધના ભાવો સ્થિર રહે, રસ્તા પર ઢોર અડિંગો ન જમાવે. રસ્તા પર ભૂવા સુધ્ધા ન પડે. કેમ કે શાસક પક્ષને મહતમ સીટો જીતવી હોય છે.

ખાંડવવનને બાળીને સ્થપતિ( સ્થપતિ એટલે શું? ખબર ન પડી? અરે, યાર ગુજરાતીમાં આર્ટિટેકટ .સમજાયું, ડયુડ ?) મયદાનવે અદ્ભુત ઈન્દ્રપ્રસ્થ નગરીનું નિર્માણ કરેલ. જયાં જળ હોય ત્યાં સ્થળ લાગે અને સ્થળ હોય ત્યાં જળ લાગે. ચૂંટણીના ચૂંટણી ઢંઢેરામાં આવી જ કરામત અને કરિશ્મા હોય છે.જે મહાભારતના યુધ્ધનું કારણ અને તારણ બને છે!

હવે, ચૂંટણીનો ધી એન્ડ થયો . ચૂંટણીના ચક્રો થંભી ગયા છે. ચૂંટણીના હાકલા-પડકારા , દેકારા, શોરબકોર તોફાનની જેમ શાંત થયા છે. નેતા-કાર્યકરો ચૂંટણીનો થાક ઉતારવા ચિલ્ડ બિયર અને હોટ શબાબની મોજ માણવા હિલ સ્ટેશન પર કીડીયારાની જેમ ઊભરાશે. પ્રજાને જનતા જનાર્દન કહેનારા નેતાઓ જનતા સાથે બ્રેકઅપ બ્રેકઅપની ગેમ રમશે. હવે મતદારોની ગરજ નથી. ગરજે મતદારોને બાપ કહી દીધા. હવે ગરજ સરી એટલે મતદારો વેરી. હવે પાંચ વરસ પછી પાછા ગરજે ગધેડાને બાપ કહેશે!મતદારો અને સરકાર વચ્ચેનું હનીમુન ખત્મ થશે. હવે જયુડિશિયલ સેપરેશન અને ડિવોર્સનો દોર શરૂ થાય છે. મતદાર તેરી પગડી સમાલ. હવે પગડી ઉછાલની કમાલની ધમાલ બીજી ચૂંટણી જાહેર ન થાય ત્યાં સુધી ચાલતી રહેશે!

ચૂંટણી પછી ખાલીપો સર્જાય છે. લગામ ન હોવાથી શાસકો છાકટા થાય છે.૧,૪૩૯,૯૯૯,૯૯૮ મતદારોના હિતને ઠોકર મારી એકબે પસંદીદા ઉધ્યોગપતિ પર હાથણી કોઈ નસીબદાર જેમ કળશ ઢોળે તેમ અહર્નિશ, અસ્ખલિત કૃપાવૃષ્ટિ કરશે! ચૂંટણી જેવી પૂરી થાય કે કંપનીરૂપી ગીધો ભાવ વધારો કરવા ટાંપીને બેઠા હોય છે.મતદારો નામનું ગધાડું ઈચ્છા ન હોવા છતાં ભાવ વધારાનો બોજ સહન કરે છે.

અખબારની ભાષામાં કહીએ તો ચૂંટણી પૂરી થયાની શાહી ભીની છે ત્યાં દિલ્હીના નાગરિકોને સરકારે દિવસમાં બે વાર પાણી આપવાને બદલે એક ટાઈમ પાણી આપવાનો પ્રજાલક્ષી નિર્ણય લઈને પ્રજાને પીડવાના શ્રીગણશ કરી દીધા છે.

ઉતરપ્રદેશમાં પણ આવો ખેલા થયો છે. ચૂંટણીના સાત તબક્કા દરમિયાન વીજ કાપ ન કરીને સરકારે વર્લ્ડ રેકોર્ડ કરી દીધો. જેવી ચૂંટણી પૂરી થઈ કે સરકારે પ્રજાને વીજકાપની વિસ્મૃતિ ન થાય એટલા માટે વ વીજળીકાપનો વનું રટણ કરાવવા માંડ્યું છે.

દૂધની મોટી ડેરી જાહેરાતો માટે તોતિંગ અને ગંજાવર રૂપિયા ખર્ચે છે. સહકારી પ્રવૃતિ કરનાર ડેરીને બ્રાંડ નેઈમ થયા પછી જાહેરાત કરવાની કયાં જરૂર છે. નજર નાંખો ત્યાં લગી કોઈ હરીફ નથી. આ સંસ્થા ચિકકાર નફો કરે છે. નફાનો હિસ્સો દૂધપાલકને આપે છે. ઈટસ ઓકે. બટ વોટ એબાઉટ કસ્ટમર? જેના થકી અબજો રૂપિયા કમાય છે તેને જ ભાવ સુધારાનું પાટુ ખમવું પડે છે. ચોમાસામાં પશુ આહારના ભાવ ઘટે તો દૂધના ભાવ ઘટત્વની.ચૂંટણી પૂરી થઈ કે બે થી ચાર રૂપિયાનો ભાવસુધારો ઝીંકી દીધો.ભાવવધારાને ભાવસુધારો કહીને ગ્રાહકને ચૂનો લગાવે છે!ભાવ વધારાનું પણ વલણ અજીબ હોય છે. સ્મશાને ગયેલ મડદા પાછા ન આવે તેમ વધેલા ભાવ ઘટતા નથી. માની લઈએ કે કોમર્શિયલ સિલિન્ડરના ભાવ ઘટ્યા પરંતુ, તેવો લાભ ગ્રાહકને લાભ મળતો નથી.

ડેરીએ ભાવવધારો કમ ભાવસુધારો કર્યા પછી ટોલપ્લાઝા કંપનીઓ ઝાલી રહે? (જવાબ ઝાલી ન રહે. જવાબ પૂરો.) ૧૧૦૦ ટોલ પ્લાઝા પર ટોલ પ્લાઝા કંપનીઓએ

૧ થી ૫ % ભાવવધારો કરીને ગ્રાહકનો ગાલ વગર રૂઝે લાલ કરી દીધો!

કાગડો ક્યાંય મારેલું પ્રાણી દેખે કે તરત કા કા કરી કાગડાની આખી જમાતને મડદાની સ્વરૂચિ મિજબાની કરવા માટે ઈજન આપે. ચૂંટણી પછી ગીધડા, વરૂ, શિયાળ ગ્રાહક નામના નવજાત મડદાને ભાવવધારાના નહોર મારી વીંખી નાંખવા પાંખી નાંખવા તલપાપડ હોય છે.ચીજવસ્તુના ભાવ એકમેક સાથે સંલગ્ન હોય છે. ચોલી દામન જેવો સંબંધ રહે છે. દૂધના ભાવ વધે એટલે દહીં, માખણ, ધી, બટર , ચીઝ ભાવ વધે. પેટ્રોલ-ડિઝલના ભાવ વધે. સોનાચાંદીનું તો નામ લેવાય તેમ નથી. દસ ગ્રામ સોનાના લાખ રૂપિયા હોય તો ગરીબ, મધ્યમવર્ગ તેમના પુત્રપુત્રીના લગ્ન કેવી રીતે ઉકેલી શકે?હવે તો બગસરા ગોલ્ડ એ જ ગોલ્ડ છે. મોંઘવારીના ચક્કરમાં ગરીબ અને મધ્યમવર્ગ પિસાતો રહે છે. જે વર્ગ સવારની ઝાંકળ જેટલી પણ રાહત જીવનભર મેળવી શકતો નથી.ભાવવધારાના દુષ્ચક્રમાં પિસાતી પ્રજાને દેશની ઈકોનોમી ફાઈવ ટ્રિલિયન બને કે ન બને શું ફેર પડે છે? દેશ ત્રીજી, બીજી કે પહેલી ઈકોનોમી બને તો તેના ઘરે લાપશીના આંધણ કયાં મુકવાનો છે?

એક વાત તો સદંતર વિસરાઈ ગઈ. દુનિયામાં તમામ ચીજવસ્તઓના ભાવ વધે છે. પરંતુ, માણસોના ભાવ વધવાની જગ્યાએ ઘટે છે. શું કહો છો વાચક બિરાદર?

ભરત વૈષ્ણવ

# ૫ જૂન, વિશ્વ પર્યાવરણ દિન

વૃક્ષોનું વાવેતર કરી, જંગલોનું રક્ષણ થાય, પર્યાવરણ સંવર્ધન થકી દેશમાં સમૃદ્ધિ આવે એ હેતુથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. વધતા જતા શહેરીકરણનાં કારણે આપણે જોઈએ છીએ કે દિવસે દિવસે વૃક્ષોની સંખ્યા ઓછી થતી જાય છે. જંગલો કપાતા જાય છે જેનાથી માત્ર માણસોને જ નહીં પરંતુ વ ન્ય જીવોને પણ નુકસાન થઈ રહ્યું છે. જો આપણે માત્ર એટલો વિચાર કરીએ કે કોઈ આપણી પાસેથી આપણું ઘર છીનવી લે તો ? એથી વિશેષ જેમની પાસે ખરેખર રહેઠાણની વ્યવસ્થા નથી એમને ફૂટપાથ પર કે જુદા જુદા સ્થળે ઝુપડી બાંધીને રહેતા આપણે જોયા છે. એમના સ્થાને ક્યારેક સ્વને અનુભવીને આપણે એમને માટે કરુણા અનુભવી શકતા હોઈએ છીએ. ખેર,આ તો મનુષ્ય છે જે એક એવું સંસારિક પ્રાણી છે જે બોલી શકે છે, કામ કરી શકે છે, કમાય શકે છે પણ પ્રાણીઓ ! આપણે દિવસે દિવસે જંગલો કાપીને પ્રાણીઓના નિવાસ સ્થાન છીનવી રહ્યા છીએ, પ્રકૃતિને ઉત્સાહભેર નુકસાન કરી રહ્યા છીએ. હા એક વાત છે આપે એ તો જોયું જ હશે કે હમણાં હમણાં વન્ય જીવોના કોઈ ગામમાં કે શહેરમાં પ્રવેશ કરવાના કિસ્સા હવે પહેલા કરતા વધુ થઈ રહ્યા છે.



અહીં એમ કહેવાય છે કે વન્યજીવોએ કોઈ ગામમાં/વિસ્તારમાં ઘુષણખોરી કરી છે પરંતુ ખરી વાત તો એ છે કે મનુષ્યએ એના ઘરમાં ઘુષણખોરી કરી છે, કારણ કે વધતા જતા આધુનિકરણની પાછળ અહીં તહીં બંગલા, ઓફિસો બનાવવામાં વૃક્ષો કાપતા જઈએ છીએ. શહેરો લંબાતા જાય છે અને ગામડાઓ એમાં વિલીન થતા જાય છે. રોજ રોજ નવા રોડ રસ્તા બનાવવામાં, ઈન્ડસ્ટ્રીઝ ઉભી કરવામાં કેટકેટલાં વૃક્ષોનો ભોગ લેવાય રહ્યો છે.પર્યાવરણની જાળવણી માં વૃક્ષો, જંગલો અત્યંત અગત્યનો ભાગ ભજવે છે. વૃક્ષો કાર્બન ડાયોક્સાઈડ શોષીને પ્રાણવાયુ આપે છે. વૃક્ષારોપણ માત્ર ચોમાસામાં જ થાય એ ખ્યાલમાંથી બહાર આવીને વધુમાં વધુ વૃક્ષોનું રોપણ કરવું આવશ્યક છે. જ્યાં ઈલેક્ટ્રોનિક તાર પસાર થતા હોય બરાબર તેની વચ્ચે વૃક્ષો ન વાવવા જોઈએ. વૃક્ષો આપણને અનેક રીતે ઉપયોગી છે. વૃક્ષોનાં પર્ણો પ્રકાશસંશ્લેષણની ક્રિયા દ્વારા હવાને શુદ્ધ કરે છે. વૃક્ષો જાતજાતનાં ફળો આપે છે. વૃક્ષોનાં મૂળિયાં જમીનનું ધોવાણ અટકાવે છે. વૃક્ષો રણને આગળ વધતું અટકાવે છે. કેટલાંક વૃક્ષોના મૂળિયાં અને પર્ણો ઔષધિ તરીકે વપરાય છે. કેટલાંક વૃક્ષોનાં પાન પડિયા-પતરાળાં બનાવવાના કામમાં આવે છે. વૃક્ષો વાદળાંને ઠંડા પાડીને વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે. વૃક્ષોની શીતળ છાયામાં પશુઓ, ખેડૂતો અને વટેમાર્ગુઓ વિશ્રામ કરે છે. વળી વૃક્ષો ધરતીની શોભા છે. વૃક્ષો વિનાની ધરતી કેશ વિહોણા શીશ જેવી ઉજ્જડ લાગે છે. ૫૦ વર્ષોમાં એક ઝાડ કુલ ૧૭.૫૦ લાખ ઓકિસજનનું ઉત્પાદન કરે છે, ૩૫ રૂપિયાના પ્રદુષણનું નિયંત્રણ, ૩ કિલો કાર્બનડાયોક્સાઈડનું શોષણ, ૪૧ લાખ રૂપિયાના પાણીનું રીસાયકલીંગ, ૩% તાપમાનમાં ઘટાડો કરે છે. એક વયસ્ક વ્યક્તિ દ્વારા જીવનભર ફેલાયેલા પ્રદુષણ ને ૩૦૦ ઝાડ મળીને શોષી શકે છે. આ દિવસથી જ વન અને વન્યજીવો પ્રત્યે સૌમાં કરુણા ઉત્પન્ન થાય તેમજ પર્યાવરણીય સંપત્તિની જાળવણી થઈ શકે જેથી પૃથ્વી પરના સર્વે જીવો સુખેથી જીવન જીવી શકે. વૃક્ષમ શરણં ગચ્છામી.

-મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# લોકસભા ચૂંટણીના પરિણામ જાહેર થયા પછી પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી તેમજ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે પ્રેસ કોન્ફરન્સ સંબોધી હતી



**દેશમા લોકસભા ચૂંટણી પ્રક્રિયા શાંતિપુર્ણ માહોલમા સંપન્ન થઇ છે તેના માટે મતદારો,અધિકારીશ્રીઓ,પદાધિકારીશ્રીઓ,પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારશ્રીઓ સહિત નામી અનામી અનેક લોકોનો આભાર વ્યકત કરુ છું**
**– શ્રી સી.આર.પાટીલ**

**ગુજરાતની એક બેઠક હારવાનુ દુખ છે, મતદારોની જાણે અજાણે અમારાથી કે સરકારથી કોઇ ભુલ થઇ હશે જેના કારણે આ એક બેઠક નુકશાન થયુ છે.અમારી ભુલો શોધવાનો પ્રયત્ન કરીશું. – શ્રી સી.આર.પાટીલ**

**બનાસકાંઠાની હારમા જે કયાંય ત્રુટી રહી ગઇ છે તેનુ મનોમંથન કરીશું અને વિકાસના કાર્યો વધુ વેગવંત બને તે દિશામા કામ કરવાનો પ્રયાસ કરીશું.**
**– શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ**

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમા જણાવે છે કે, દેશમા લોકસભા ચૂંટણી યોજાઇ હતી જેનુ પરિણામ તારીખ ૦૪ જૂનના રોજ જાહેર થયુ છે.પરિણામ જાહેર થયા પછી પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી તેમજ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની વિશેષ ઉપસ્થિતિમા પ્રેસ કોન્ફરન્સ યોજાઇ હતી. આ પ્રેસ કોન્ફરન્સમા પ્રદેશના મહામંત્રીશ્રી રજનીભાઇ પટેલ,પ્રદેશ પ્રવકતાશ્રી યમલભાઇ વ્યાસ,પ્રદેશના કોષાધ્યક્ષશ્રી સુરેન્દ્રકાકા,પ્રદેશના ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઇ ઝડફીયા, રાજયનામંત્રીશ્રીઓ શ્રી હર્ષભાઇ સંઘવી,શ્રી જગદીશભાઇ વિશ્વકર્મા ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રેસ કોન્ફરન્સમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ ચૂંટણીના પરિણામ અંગે જણાવ્યું કે, દેશમા લોકસભા ચૂંટણીની પ્રક્રિયા શાંતિપુર્ણ માહોલમા સંપન્ન થઇ છે તેના માટે મતદારો,અધિકારીશ્રીઓ,પદાધિકારીશ્રીઓ,પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારશ્રીઓ સહિત નામી અનામી અનેક લોકોનો આભાર વ્યકત કરુ છું. ચુંટણી પ્રક્રિયાના આ જટીલ કાર્યમા એક પણ અનિચ્છનીય ઘટના બની નથી. આજે ગુજરાતમા તમામ ૨૬ બેઠકોની પરિણામ જાહેર થયુ છે જેમા ભારતીય જનતા પાર્ટીને એક બેઠકનુ નુકશાન થયું છે.

શ્રી પાટીલજીએ વધુમાં જણાવ્યું કે, આ અગાઉ બે વખત લોકસભામા ૨૬ માંથી ૨૬ બેઠકો ભાજપ જીતવામા સફળ થઇ હતી અને આ વખતે ગુજરાતમા ૨૬ માથી ૨૬ બેઠકો જીતવાનો સંકલ્પ કર્યો હતો પરંતુ એક બેઠક બનાસકાંઠાની અમે જીતી નથી શક્યા. આ બેઠક હારવાનુ દુખ છે અને જાણે અજાણે અમારાથી કે સરકારથી કોઇ ભુલ થઇ હશે જેના કારણે આ એક બેઠક નુકશાન થયુ છે.અમારી ભુલો શોધવાનો પ્રયત્ન કરીશું. શ્રી પાટીલજીએ સુરતની બેઠક અંગે જણાવ્યું કે, આખા દેશમા ભાજપની સુરતની બેઠક બિનહરિફ થઇ હતી આ સિવાય બાકીની ૨૪ બેઠકોમા ભાજપને મતદારોનુ સમર્થન અને આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની લોકપ્રિયતા તેમજ દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબે જે રીતે ઉમેદવારની પ્રક્રિયાથી માંડી દરેક રીતે મદદરૂપ થયા તેના કારણે જીત મેળવવામા સફળતા મળી છે. ગુજરાતમા ૨૫ બેઠકો જીતવા બદલ સૌ મતદારો અને ગુજરાતના તમામ લોકોનો આભાર વ્યકત કરીએ છીએ. આ જીત ગુજરાતના વિકાસનુ અને મતદારોનો ભાજપ પ્રત્યે વિશ્વાસ છે તેનુ પ્રતિબિંબ છે. અમારાથી થયેલી ક્ષતીને દુર કરવાનો પ્રયત્ન કરીશું.

શ્રી પાટીલજીએ રાજકોટમા થયેલા અગ્નિકાંડને યાદ કરતા જણાવ્યું કે, રાજકોટની અગ્નિકાંડની ઘટનાનુ ખૂબ દુખ છે જેના કારણે આ જીતની ઉજવણી કે રેલી યોજવામા આવશે નહી. રાજકોટની ઘટનામા પીડિતોના પરિવારમા સહભાગી થવાનો પ્રયત્ન કરીએ છીએ.

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યુ હતું કે, આજે લોકસભા ચૂંટણીનુ પરિણામ જાહેર થયુ છે. ગુજરાતમા ૨૬ માંથી ૨૬ બેઠક બે વખત જીત્યા હતા આ વખતે પણ કાર્યકર્તાઓના વિશ્વાસ અને મહેનતથી ૨૬ માથી ૨૬ જીતવાનો સંકલ્પ કર્યો હતો પરંતુ એક બેઠકમા મતદારોનુ દિલ જીતવામા સફળતા નથી મળી. બનાસકાંઠાની હારમા જે કયાંય ત્રુટી રહી ગઇ છે તેનુ મનોમંથન કરીશું અને વિકાસના કાર્યો વધુ વેગવંતા બને તે દિશામા કામ કરવાનો પ્રયાસ કરીશું.

# લોકસભા ચૂંટણી ૨૦૨૪ પરિણામ; ભાજપને મોટું નુકસાન??

મુંબઈ,

લોકસભા ચૂંટણી ૨૦૨૪માં આવેલા પરિણામો ભાજપ માટે ચોંકાવનારા છે જેમાં મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરે અસલી 'શિવસેના' તરીકે ઉભરી આવ્યા છે.વર્ષ ૨૦૧૯માં એનડીએ એ ઉત્તર પ્રદેશમાં કુલ ૬૪ બેઠકો જીતી હતી. પરંતુ આ વખતે તે યુપીમાં કુલ ૮૦માંથી માત્ર ૩૬ સીટો પર જ આગળ છે. સૌથી મોટો ફાયદો ઈન્ડી ગઠબંધનને થયો છે. વર્ષ ૨૦૧૯માં જે મહાગઠબંધનને ૧૫ બેઠકો મળી હતી, તેની સાથે જોડાયેલા પક્ષોથી બનેલા ઈન્ડી ગઠબંધનને આ વખતે ૪૨ બેઠકો મળતી જોવા મળી રહી છે. એટલે કે એનડીએ સૌથી મોટા રાજ્યમાં કુલ ૨૮ બેઠકો ગુમાવી રહ્યું છે. મહારાષ્ટ્રમાં પણ આવી જ સ્થિતિ છે.

મહારાષ્ટ્રમાં ભાજપને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ૧૨ બેઠકો મળતી જોવા મળી રહી છે, જ્યારે ૨૦૧૯માં તેણે ૨૩ બેઠકો જીતી હતી. આ રીતે ભાજપ ૧૧ બેઠકો ગુમાવી રહી છે. તે જ સમયે, કોંગ્રેસને ૨૦૧૯માં ૪ બેઠકો મળી હતી, જે હવે ૧૦ મળી રહી છે. એટલે કે કોંગ્રેસને ૬ બેઠકોનો ફાયદો થઈ રહ્યો છે. ચૂંટણી પંચના તાજેતરના ડેટા અનુસાર, શિવસેના (યુબીટી) ૧૦ બેઠકો પર, એનસીપી (એસપી) ૮ બેઠકો પર, શિવસેના (શિંદે જૂથ) ૬ બેઠકો પર અને એનસીપી (અજિત પવાર) ૧ બેઠક પર જીતે તેવી અપેક્ષા છે. તે જ સમયે, ૧ બેઠક માટે અપક્ષ ઉમેદવાર વિશાલ પાટીલ છે, જેઓ અગાઉ કોંગ્રેસ પાર્ટીમાં હતા. પરંતુ જ્યારે સાંગલી સીટ શિવસેના (યુબીટી) પાસે ગઠબંધન હેઠળ ગઈ, ત્યારે વિશાલે અપક્ષ તરીકે ચૂંટણી લડવાની જાહેરાત કરી અને તે જીતની નજીક છે.

## ચાણસ્મા તાલુકાના ધિણોજ ગામે

# અર્બુદા ફુટબોલ કલબ અને સ્વ.અંકિત અને સ્વ.કેનીલ ના સ્મણાર્થે ફુટબોલ ટૂર્નામેન્ટ યોજાઈ



મહેસાણા ગાંધીનગર ધિણોજ સહિતની ૧૪ ટીમો એ ટુર્નામેન્ટમાં ભાગ લીધો

૧૪ થી ૧૮ વર્ષ અને ૧૮ વર્ષથી ૩૫ વર્ષ આમ . વય જૂથ પ્રમાણે ટીમોને સ્પર્ધામાં ઉતારાઈ ચાણસ્મા તાલુકા ના ધિણોજ ગામે દ્વિતીય નાઈટ ફુટબોલ ટુર્નામેન્ટનું આયોજન ધિણોજ ગામની અર્બુદા ફુટબોલ ક્લબ અને સ્વ.અંકિત અને સ્વ.કેનીલ ના સ્મર્ણાર્થે દિવંગત પરીવારના સહયોગી દાતાઓ દ્વારા ચાર દિવસીય ફુટબોલ ટુર્નામેન્ટનું આયોજન કરાયું હતુ જેમાં ૧૪ થી નાની વયના અને ૧૮ વર્ષથી ૩૫ વર્ષની વયજૂથ પ્રમાણે ખેલાડીઓની ૧૪ ટીમોએ સ્પર્ધામાં ભાગ લીધો હતો જેમાં સોમવારે ૧૪ થી નાની વયની મહેસાણા અને ધિણોજની ટીમ વચ્ચે મુકાબલો જામ્યોહતો જેમાં ધિણોજ ની ટીમ નો ફાઈનલ મેચમાં દલદલો રહ્યો હતો વિજેતા ટીમો ને ટ્રોફી શિલ્ડ આપી સન્માનીત કરાયા હતા જયારે ટુર્નામેન્ટના સહયોગી દાતાઓ મનુભાઈ કે.ચૌધરી (બ્રાહ્મણવાડા) હર્ષદભાઈ મહાદેવભાઈ ચૌધરી તરૂણભાઈ નારણભાઈ ચૌધરી ધિરેનભાઈ પેથુંભાઈ નૂં આયોજકો દ્વારા સન્માન કરાયું હતું જયારે ટૂર્નામેન્ટના સમાપન સમારોહમાં પ.પૂ. રૂખડ નાથજી બાપુ પૂર્વ સરપંચ અને પાટણ જિ બક્ષી.પંચ મોર્ચાના પૂર્વ કોષાધ્યક્ષ નાનજીભાઈ ચોધરી સહિત મોટી સંખ્યામાં ધિણોજ ગામલોકો ઉપસ્થિત રહ્યા હતા જયારે ધિણોજ ફુટબોટ ટીમમાં ૧૪ વર્ષથી નાના બે ખેલાડીઓએ ધિણોજ ફુટબોલ ટીમને વિજયી બનાવવામાં મહત્વનો ભાગ ભજવતા નાના ખેલાડીએ ક્રિશ અને સિદ્ધરાજ નું આયોજકો દ્વારા સન્માન કરાયું હતું

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO 166**
વિષય:- "યહી હે જીંદગી"
શિર્ષક :- " ખુદને શોધવા નિકળ્યો છું"
પ્રકાર:- પદ્ય. શબ્દો :- ૯૨

જિંદગીની આ સફરમાં હું, ખૂબ ફેરફાર જોઈ ચૂક્યો છું,
સંબંધો તમામ સાચવી લીધા, હવે ખુદને શોધવા નિકળ્યો છું,

વેપાર ધંધામાં નફો નુકશાન હું, ખૂબ અનુભવી ચૂક્યો છું,
નુકસાન મે ખૂબ સહન કર્યુ, હવે નફો શોધવા નિકળ્યો છું,

માયાજાળમાં ફસાઈને હું, ખૂબ પાયમાલ થઈ ચૂક્યો છું,
કર્મોની સજા ભોગવી લીધી, હવે નિર્મળ બનવા નિકળ્યો છું,

લોકોનું અતિ શોષણ કર્યુ મેં, ખૂબ મનમાં મુંઝાઈ રહ્યો છું,
માનવતાની ધારા વહાવીને હું, હવે આશિષ શોધવા નિકળ્યો છું,

જિંદગીની આ રાહમાં હું, ખૂબ નાસીપાસ બની ચૂક્યો છું,
પ્રભુ શરણે જઈને "મુરલી", હવે જન્મ સફળ કરવા નિકળ્યો છું.
રચના-ધનજીભાઈ ગઢીયા"મુરલી" (જુનાગઢ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No.167***
★વિષય:-"યહી હે જિંદગી"★
★શિર્ષક;-જિંદગી★
★પ્રકાર:- ગદ્ય - શબ્દ:-૩૧૮★

★જિંદગી★

જિંદગી એ એક એવી પાઠશાળા છે. જેમાં દરેકે દાખલ થવું જ પડે છે અને પ્રથમ પાઠથી શરૂ કરી જિંદગીના અંતિમ પડાવ સુધી પાઠ શીખવા પડે છે. વચ્ચે વચ્ચે કસોટીઓ આવે છે તેને પણ પાસ કરી પસાર કરવી પડે છે. એક જ તફાવત શૈક્ષણિક અને જિંદગીના પાઠમાં હોય છે શૈક્ષણિક કસોટીમાં એકથી વધારે પ્રયત્ન કરવાની તક મળે છે. જ્યારે જીવનની કસોટીમાં તકનો અવકાશ હોતો નથી એ પસાર જ કરવી પડે છે યા ગુમાવવી પડે છે.

ક્યારેક સંબંધો બાંધવા માટે દોરો લેવામાં ભૂલ કરતા હોઈએ છીએ. કાચો દોરો લઈ આખી જિંદગી સંબંધ રૂપી ગાંઠને બાંધવાનો પ્રયત્ન કરતા રહીએ છીએ સાથે સાથે અભિમાનથી બીજાને વાણી વર્તનથી દુ:ખ પણ પહોંચાડતા હોઈએ છીએ. વાતો તો કરીએ કે કર્મનાં ફળતો ભોગવવા પડે. આવી સૂફીયાણી વાતો સાથે જ જિંદગી દોડતી હોય છે, સુખની શોધમાં. સુખનું સરનામું શોધવા માટે જેટલા સંબંધો હોય તેને ઉથલાવી ઉથલાવીને તેમાંથી સુખને શોધીએ છીએ. જિંદગીના ખેતરમાં પણ વિચારો, ઈર્ષ્યા, અભિમાનના નકામા છોડ ઉગતા હોય છે તેનું સમયે સમયે નિંદામણ કરી પ્રેમનું, સહદયતાનું ખાતર નાખવું પડે છે. તો જ જિંદગી જીવવા જેવી થાય છે.

ઘણી વખત જિંદગીને જીવવા માટે અલગ અલગ રસ્તાઓ અપનાવવામાં આવે છે. જુદા જુદા વિચારોના દિવડા પ્રગટાવવામાં અને તુક્કાઓના ઉંજણ પુરવામાં આવે છે. જુદા જુદા ઉંજણવાળા દિવડા જુદા જુદા પ્રકાશને ફેલાવે પછી તેમાંથી સાચા પ્રકાશને શોધવા માટે ગડમથલ ઉભી થાય અને વિચારો સાચી દિશામાંથી ભટકી જાય છે. ભલે દગો પરિસ્થિતિએ કર્યો હોય પણ બદનામ તો કિસ્મત થાય છે. દોષ કિસ્મતનો આવે પણ એ ન સમજાય કે ખોટી શાનના ધજાગરા ઉડે ત્યારે આવું થાય એ પણ યાદ રાખવું પડે.

જિંદગીની રફતારને બાજની ઉડાન જેવી બનાવવી પડે છે. જેવી રીતે બાજની ઉડાન ઉંચી હોય છે પણ અવાજ વગરની હોય છે એટલે જ શાનથી ઉડે છે. જિંદગીની ઉડાન પણ બાજ જેવીજ હોવી જોઈએ અવાજ વગરની અને તો જ દિલનો અવાજ સંભળાશે કે જિંદગી જીવવાનું સુખનું સરનામું તો તારી પાસે છે... બહાર શોધવાની શી જરૂર છે.

★નરેન્દ્ર ત્રિવેદી★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO:158**
વિષય: યહી હૈ જિંદગી.
શીર્ષક: જિંદગીમાં વળાંકો.
પ્રકાર:પદ્ય શબ્દો:૬૬

જિંદગીમાં વળાંકો ઘણાં આવે,
પણ ઘણીવાર સબક બની આવે.!

જિંદગીમાં મુશ્કેલીઓ ઘણી આવે,
રસ્તામાં ડગલે પગલે કંટકો આવે.!

ગમતું છૂટી જાય ધાર્યુ હોય ન મળે
નક્કી કરેલી મંજિલેથી પાછાં વળવું પડે.!

ક્યારેક તડકો ક્યારેક છાંયો મળે,
ક્યારેક આશા ક્યારેક નિરાશા પણ મળે.!

મનગમતાંનો સાથ ઘણો મળે,
મનગમતાં જ સાથ છોડે.!

સંબંધો એકબીજાના ખ્યાલ રાખવા હોય,
પણ સંબંધો જ સ્વાદિષ્ટ ન હોય.!

'પ્રેમ' ભૂખ માણસને લાગણીની લાગે,
પણ લાગણી જ શૂન્ય લાગે.!

પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ' સુરેન્દ્રનગર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ર્દ્રંજીજી ર્દ્ર: ૧૬૧
વિષય : યહી હૈ જીંદગી
શિર્ષક : ખટ્ટી મીઠ્ઠી જીંદગી
પ્રકાર : વિચાર કણિકા શબ્દો : ૩૨૩

વહેલી સવારે મારી ખુલ્લી અટારીમા રોજની જેમ જ આજે ખુરશીમાં બેઠી.ગુલાબી ઝાંય વાળા આકાશથી આજે મારુ મન પણ ગુલાબી રંગે રંગાતુ જતું હતું.સાથે સાથે વિચારમાળાની અદ્ભુત શૃંખલા તો ચાલુ જ હતી.એક વિચારમોતી પર મન અટક્યું.અત્યારે તો જાણે કંઈ કામ જ ના રહ્યું! સાવ નવરી ધૂપ!
ઉંમર વધે એમ એમ? જવાબદારીઓ ઘટતી જાય છે. જરૂરિયાત પણ ઘટતી જાય છે.

દરેક કાર્યક્ષેત્રની પ્રાથમિકતા પણ બદલાય છે. વિતેલા વર્ષોને યાદ કરું તો એમ થાય કે શું આ જ જીંદગી છે ? જે કામ મારા માટે સૌથી અગત્યનું હતું એ કામ આજે પછીથી કરું તો પણ ચાલે! આવું વિચારીને એમ પણ લાગે કે શું હું આળસુ તો નથી થઈ ગઈ ને? મનમાં જ મને હું પૂછી લઉં છું. અમુક વર્ષ પહેલાંનાં કાર્યક્ષેત્રનો ભાર આજે સાવ હળવો ફૂલ જેવો લાગે છે મને! મનમાં એક પ્રકારની પરમ શાંતિનો આભાસ થાય છે. પ્રાથમિકતા બદલાય એમ સ્વભાવ અને પ્રકૃતિ પણ બદલાઈ જાય? પોતાનાં સપનાં પૂરાં થયાં પછી હવે બાકી શું રહ્યું જીવનમાં ખાસ? "ક્યા,યહી હૈ જીંદગી? થોડી ખટ્ટી તો થોડી મીઠ્ઠી!" પહેલા તો ચોવીસ કલ્લાક પણ ઓછાં પડતા'તા જાણે અને આજે સમય ક્યાં કાઢવો, કેવી રીતે પસાર કરવો એ વિચાર્યા કરવાનું. અન્ય પ્રવૃત્તિઓ પર નજર નાંખ્યા કરું અથવા છાપામાં આવતી કોઈ જાહેરાત પર નજર ટેકવુ કે મારાં લાયક કંઈ મળી જાય! મનગમતું કોઈ કામ મને મળી જાય કે જેથી શેષ રહેલા સમયનો? હું સદઉપયોગ કરી શકું. મનગમતુ કોઈ મોતી મળે તો આનંદની અવધિ ના રહે.
શું મારી માફક દરેકને આ પરિસ્થિતિનો સામનો કરવો પડતો હશે ? હાથ પગ ને હૈયું સલામત હોય ત્યાં સુધી પ્રવૃત્ત રહેવું એ અનિવાર્ય કહી શકાય. પહેલા કરતાં હતાં તે કદાચ ફરજને અનુલક્ષીને હતું અને મનેકમને પણ કરવાનું જ હતુ પરંતુ હવે આપણને ગમતું કરી લેવાના દિવસો આવી ગયા છે. પોતાનો સમય, પોતાની પ્રવૃત્તિ,પોતાનો જ થાક અને આરામ! કોઈ રોકટોક નહીં છતાં એક પ્રકારનું શિસ્તબદ્ધ જીવન જીવી લેવાની મઝા.પોતાના જ આંગણામાં પોતાનો જ સૂરજ ઉગાડવાનો અને આથમતી સાંજનો સૂરજ પણ આપણે જ અસ્ત કરવાનો.

ટૅલીવીઝન પર આવતી એક સીરિયલનુ ગીત સંભળાતુ હતું કે ..." યે તો હૈ જીંદગી..થોડી ખટ્ટી તો થોડી મીઠ્ઠી..." અસ્તુ!
ooooગ્રીષ્મા પંડ્યા ooooooo

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:153**
વિષય:"યહી હૈ જિંદગી" શીર્ષક:"આ જિંદગી".
પ્રકાર:પધ્ય. શબ્દો : ૧૪૯
જેવી છે તેવી જીવું છું આ જિંદગી,
કદીક ચત્તી કદિક ઉંધી સીવું છું આ જિંદગી,
ક્યાંક જળ,ક્યાંક મૃગજળ પામે છે આ જિંદગી,
ઝાંઝવા નાં જળ પાછળ દોડે છે આ જિંદગી,
થોડુક સીધું ચાલી ને પાછી વળે છે આ જિંદગી,
કદીક નવી કદીક જૂની જીવીએ છે આ જિંદગી,
જવાની માં શંખ વગાડે છે આ જિંદગી,
બુઠાપામાં જવાનીની વાત કરે છે આ જિંદગી,
સુખ ની પળો માં મહાલે છે આ જિંદગી,
દુ:ખ પડે તો હાલે છે આ જિંદગી,
કદીક ખટ્ટી કદીક મીઠી લાગે છે આ જિંદગી,
કદીક જોગ કદીક ભોગ માગે છે આ જિંદગી,
માણવી હોય ત્યારે માણો છો આ જિંદગી,
તકલીફ પડે ત્યારે જાણો છો આ જિંદગી,
સમંદર નાં મોજા ઉછાળે છે આ જિંદગી,
રેતી માં વહાણ ચલાવે છે આ જિંદગી,
જીવવું હોય તો જિંદાદિલ છે આ જિંદગી,
મરવું હોય તો મડદાસમ છે આ જિંદગી.
લેખક:જિતેન્દ્ર શાહ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSNO : 181**
વિષય : યહી હૈ જીદંગી
શીર્ષક : "જીદંગી જીવવી પડી"
પ્રકાર : પદ્ય - શબ્દો
આભાર - નિહારીકા રવિયા ૧૪૮

સરકતી ગઈ જીદંગી જેમ હથેળીમાંથી રેત,
બંધ હતી મુઠ્ઠી છતાંય સરી પડી છે
સ્હેજ.
જીદંગી જીવી નથી બસ એમ જ જીવવી પડી...

કોને પૂછવું કે તારી કેવી વિતી?
જવાબમાં પણ સવાલ જેવા જ ચિન્હોની આકૃતિ એના માથે પણ પડી.
જીદંગી જીવી નથી બસ એમ જ જીવવી પડી...

કોણ કોને સહારો આપે? બસ જે તારે છે એજ મારે ત્યાં પણ ભીંસ પડી.
સોય જેટલી જગ્યામાંથી હાથીને કાઢવાની મથામણ કરવી પડી.
જીદંગી જીવી નથી બસ એમ જ જીવવી પડી...

જોતજોતામાં પૂરી થવા આવી કથા,
જે સમજ્યા નથી હજી એના સમાપન ની આવી ઘડી.
જીદંગી જીવી નથી બસ એમ જ જીવવી પડી...

જપ્યા નથી કોઈ જાપ એમાંય જપ નથી જડતો,
ક્યાંક તો મળે કોઈ મંત્રતંત્ર, કોઈ તો મળે કડી.
જીદંગી જીવી નથી બસ એમ જ જીવવી પડી...

જીવન જીવવાની મને એક અદ્ભુત ચાવી જડી,
શાંતી, ક્ષમા અને સ્મિત વચ્ચે માણો જીંદગીની હર એક ઘડી.
જીદંગી જીવી નથી બસ એમ જ જીવવી પડી...
???કૌસુમી??
સુરમી બધેકા, મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. 188**
વિષય :- " યહી હૈ જિંદગી "
શીર્ષક :- " જિંદગી "
પ્રકાર :- પદ્ય, શબ્દ :- ૫૫

સુખ ને દુ:ખનો પડાવ છે જિંદગી.
કદી મલમ, કદી ઘાવ છે જિંદગી.

રોજીંદા બનતા ઘટમાળોની વચ્ચે,
અણધાર્યા બનાવ છે જિંદગી.

નથી ચાલતો સમય એક સરીખો,
કભી ધુપ, કભી છાંવ છે જિંદગી.

હર એક મંજિલે આવે નવો વળાંક,
નવા અનુભવોનો પ્રભાવ છે જિંદગી.

મનમાં ભરી જીવશો તો છે બોજ "વ્યોમ"
મનભરી માણો તો શિરપાવ છે જિંદગી.

?... વિનોદ. મો. સોલંકી "વ્યોમ"
જેટકો (જીઈબી), મુ. રાપર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**: NOG SS NO. 215**
વિષય : 'યહી હૈ જિંદગી'
શીર્ષક : " જિંદગી અકળ નથી હોતી "
પ્રકાર : પદ્ય, શબ્દો : ૬૪.
નામ : શ્યામ ગોયાણી 'શ્યામ'
શિવેન્દ્રનગર (હાલ સુરત

જિંદગીની સફર ભલે સરળ નથી હોતી,
પણ ધારો છો એટલી અકળ નથી હોતી.
.
સુખ ને દુ:ખ જીવનમાં આવ્યાં જ કરશે,
દરેક ક્ષણ દરેક માટે સાનુકૂળ નથી હોતી.
.
નસીબ તો એનું જ ખુલ્લે જે મહેનત કરે,
વગર મહેનતે જિંદગી સફળ નથી હોતી.
.
બીજાને જે ખુશી આપે, એવા લોકોની,
દુ:ખમાં વીતતી એકય, પળ નથી હોતી.
.
મળેલો સમય 'શ્યામ' વેડફી ના નાખશો,
સમયને રોકી રાખતી સાંકળ નથી હોતી.
શ્યામ ગોયાણી 'શ્યામ'
શિવેન્દ્રનગર (હાલ સુરત)

# નામ વગરનાં સંબંધો

સુમનભાઈએ આજે જે સાંભળ્યું, એ સાંભળીને તેમની આંખો આંસુઓથી ભરાઈ ગઈ.યશની પત્ની યેશાને આ ઘરડો બાપ હવે બોજ લાગતો હતો.

વહેલી સવારમાં મનમાં એક ગાંઠ વાળી પોતાના બે જોડી કપડાં અને પત્ની મીનાનો ફોટો લઈસુમનરાયે ભારે હૈયે ઘર છોડ્યું. ક્યાં જઈશ, શું કરીશ એવો તો કોઈ વિચાર પણ ન કર્યો. અચાનક તેમને કંઈક યાદ આવ્યું. તેમના સિનિયર સિટીઝન મિત્ર રમેશે એકવાર શહેરથી દૂર આવેલાં એક વૃદ્ધાશ્રમની વાત કરી હતી, નામ હતું " આશિયાના" બસ, રિક્ષા કરી સુમનરાય ત્યાં પહોંચી ગયાં.




હજુ તો સૂર્ય વાદળો સાથે પોતાના કોમળ કિરણો ધરતી પર રેલાવી રહ્યો હતો. આશ્રમનો દરવાજો ખોલ્યો તો સામે એક પ્રૌઢા ફૂલછોડને પાણી પાતાં હતાં.
સુમનભાઈએ અભિવાદન કરતા પૂછ્યું, "જય શ્રી કૃષ્ણ, શું અહીં રહેવા માટે કોઈ જગ્યા છે?"

તે પ્રૌઢા પાછળ વળી તો આશ્ચર્યચકિત થઈ ગઈ, તેણે પૂછ્યું,

" સુમન તું? અહીં?"

સુમનભાઈ પણ ચોંક્યા," સુમી, તું અહીં?"

વરસો પછી આ જગ્યા પર બંને મળશે, તેવી કલ્પના પણ કરી નહોતી. બંને એકબીજાંને જોયાં પછી સુમિત્રાએ સુમનભાઈ પાસેથી થેલી લીધી અને નજીકમાં રહેલાં હીંચકા પર બંને બેઠાં. એ જ મોટી કાળી આંખો, અણિયાળું નાક, ઊજળો વાન. બસ સમય જતાં વાળ થોડાં સફેદ થયાં હતાં અને ઉંમર થોડી વધી હતી.

સુમનભાઈ તો ભૂતકાળમાં સરી પડ્યાં..

વાત હતી ઘણાં વર્ષો પહેલાંની, એ સમયમાં સુમનભાઈને હજુ મૂછનો દોરો પણ માંડ ફૂટ્યો હતો અને પિતાની બદલી શહેરમાં થયેલી. મનોજભાઈ, માયાબેન અને તેમની બંને દીકરીઓ સુમિત્રા અને નિશા, તેમાં સુમિત્રા ખાસ બોલતી નહીં પણ આવતાં જતાં સુમન સાથે નજરો મળતી. થોડાં જ સમયમાં બંને પરિવાર વચ્ચે ઘર જેવાં સંબંધો બંધાઈ ગયા હતા.

એ સમયમાં પાર્ટી પ્લોટ તો હતાં નહીં, શેરી ગરબા જ રમાતા હતાં. નવરાત્રી આવી અને સુમિત્રાને ગરબા રમવાનો બહુ શોખ તેથી ચણિયાચોળી પહેરી રોજ ગરબા રમવા આવતી. સુમનને ગરબા રમતા આવડતું નહોતું પણ રોજ ગરબા રમતી સુમિત્રાને જોવા જતો.

આજે આઠમ હતી. સુમિત્રા લાલ ચટક ચણિયાચોળી અને લાંબા ચોટલામાં ખૂબ સરસ લાગતી હતી. આજે તો સુમને નક્કી કર્યું કે સુમિત્રાને દિલની વાત કરવી છે. સુમિત્રા ગરબા રમી બહાર નીકળી અને સુમને તેને પાછળથી અવાજ કર્યો. " સુમી"

ડરતી ડરતી સુમિત્રા આજુબાજુ જોઈ સુમન પાસે આવી." સુમી, તું મને પસંદ છે."સુમને કહી દીધું.

સુમિત્રા બોલી, " સુમન, મને પણ તમે ગમો છો, પણ મારી સગાઈ નાનપણથી જ થઈ ગઈ છે."

સુમિત્રા આટલું બોલી ઝડપથી ત્યાંથી નીકળી ગઈ. સુમનનું તો આ વાત સાંભળીને દિલ તૂટી ગયું. તે સમયમાં છોકરાઓમાં એટલી હિંમત તો હતી નહીં કે માતાપિતાની ઉપરવટ થઈને લગ્ન કરે. બસ, એ નવરાત્રી અને સુમીને દિલમાં સંઘરી દીધી.

સમય જતાં સુમનના પિતાની બદલી થતાં તેઓ બીજા શહેરમાં ગયાં અને બંને અલગ થઈ ગયાં. આટલાં વર્ષો પછી આજે આ વૃદ્ધાશ્રમમાં સુમીને જોઈ અને સુમનભાઈની આંખો છલકાઈ ગઈ.
સુમિત્રાએ પૂછ્યું ,"સુમન, તમે અહીં?"
સુમને કહ્યું" હા, કેમ છે, સુમી તું? તું કેમ અહીં?"

સુમિત્રા બોલી" એ તો બહુ લાંબી વાત છે, પછી કયારેક કહીશ. તમે કહો તમે કેમ અહીં?" સુમનભાઈએવાત યાદ કરતાં કહ્યું" કાશ, સુમી ત્યારે.....મને યાદ એ નવરાત્રી..."

સુમિત્રા તેમની વાત સમજી ગઈ. સુમિત્રા તેમને આશ્રમની ઓફિસમાં લઈ ગઈ. સુમનભાઈને એક રૂમ આપવામાં આવ્યો.

દરેક સંબંધોને નામ આપવું જરૂરી નથી, અમુક સંબંધો નામ વગરનાં પણ હોય છે, જે વિશ્વાસ સાથે જોડાયેલા હોય છે જેમ કે સુમનભાઈ અને સુમિત્રાનો સંબંધ....

વર્ષા ભટ્ટ ( વૃંદા) (અંજાર)

# ભાજપના વિનોદ ચાવડાની ૨.૪૦ લાખની સરસાઈથી જીત થઈ

કચ્છ

ગુજરાતમાં ૨૬ લોકસભા બેઠકોમાંથી એક મહત્વની ગણાતી સીટ એટલે કચ્છ. ગુજરાતની લોકસભા બેઠકોમાં વિસ્તારની દ્રષ્ટિએ સૌથી મોટી અને પ્રથમ ક્રમાંકિત કચ્છની લોકસભા બેઠક ૧૯૯૬થી ભાજપનો ગઢ રહી છે. વિસ્તારની દ્રષ્ટિએ જોઈએ તો સૌથી મોટી લોકસભા અને ગુજરાતમાં ૨૬ સીટ પૈકીના પ્રથમ ક્રમમાં આવેલી કચ્છની બેઠક આમ તો વર્ષ ૧૯૯૬થી ભાજપના જ કબ્જામાં રહી છે. કચ્છની બેઠક પર છેલ્લાં બે ટર્મથી સાંસદ તરીકે વિનોદ ચાવડા ચૂંટાતા આવ્યા છે. આ વખતે પણ ભાજપે વિનોદ ચાવડાને મેદાનમાં ઉતાર્યા હતા અને તેની સામે વિપક્ષમાં કોંગ્રેસે નીતિશ લાલનને ટિકિટ આપી હતી.

આ વખતે વર્ષ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં આ વખતે ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડાની શાનદાર જીત થઈ છે. પરંતુ રાજકોટમાં બનેલા અગ્નિકાંડ બનાવના પગલે ક્યાંય પણ વિજય સરઘસ જોવા મળશે નહીં. પાછલા ૧૦ વર્ષોની વાત કરીએ તો ભાજપ ઉમેદવાર વિનોદ ચાવડા સતત ૨ ટર્મથી જીતતા આવ્યા છે. આ જોતા કહી શકાય કે આ વર્ષે એટલે કે ૨૦૨૪માં પણ જનતાએ વિનોદ ચાવડા પર પોતાનો વિશ્વાસ બતાવ્યો છે. ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડાને ૫,૭૨,૪૮૮ ટોટલ મત મળ્યા છે. તેમજ વિપક્ષ ઉમેદવાર નીતેશ લાલનને ૩,૩૩,૪૬૦ મત મળ્યા છે. વિનોદ ચાવડાએ ૨.૪૦ લાખના માર્જિનથી જીત મેળવી છે. આ જોતા કહી શકાય કે આ વર્ષે એટલે કે ૨૦૨૪માં પણ જનતાએ વિનોદ ચાવડા પર પોતાનો વિશ્વાસ બતાવ્યો છે.

# ગુજરાતી ફિલ્મના ઇતિહાસમાં પ્રથમવાર મોશન કેપ્ચર્ડ ટેક્નોલોજીનો ઉપયોગ : કેનસ ફિલ્મ્સ "ફાટી ને?" ફિલ્મ દ્વારા દર્શકોને આકર્ષવા સુસજ્જ



વર્તમાન સમયમાં શાનદાર અને શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મો બની રહી છે. ટિપિકલ વિષયોથી હટકે, ફિલ્મ મેકર્સ અવનવા વિષયો સાથે ફિલ્મ બનાવીને દર્શકોને આકર્ષિત કરવા માટે પ્રયોગો કરી રહ્યાં છે. ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના મેકર્સ નવા નવા જેનર પણ ટ્રાય કરી રહ્યા છે, તો કેટલાક મેકર્સ ગુજરાતી ફિલ્મોને નવા અને ઉંચા સ્તર પર લઈ જવા માટે પણ કામ કરી રહ્યા છે. ઘણી ગુજરાતી ફિલ્મો ગુજરાતની બહાર જ નહિ પણ ઈન્ડિયાની બહાર પણ શૂટ થતી હોય છે. ફિલ્મ મેકિંગમાં શું મહત્વનું હોય છે અને આપણા દેશની બહાર શૂટ કરવું કેટલા અંશે અઘરું હોય છે તે અંગે કેનસ ફિલ્મ્સના ઓનર્સ શૈશવ પ્રજાપતિ, હાર્દિક ગોહિલ અને પ્રકાશ સાવંતે માહિતી આપી.

નિર્માતાઓ જણાવે છે કે,"કેનસ ફિલ્મ્સ એ એક પ્રોડક્શન હાઉસ છે જેની સ્થાપના અમે વર્ષ ૨૦૨૩માં કરી હતી. અમારા પ્રોડક્શન હાઉસ હેઠળ અમે "ફાટી ને?" અને "સેવાભાવી" ફિલ્મ લઈને આવી રહ્યાં છે. આ અગાઉ અમે ઘણી શોર્ટ ફિલ્મ્સ અને વેબ સિરીઝ પ્રોડ્યુસ કરી છે. અમે ગુજરાતી ફિલ્મ્સના દર્શકોને ઘણી સારી ફિલ્મ્સ આપવા માંગીએ છીએ. દર્શકોને કોઈપણ સંજોગોમાં મનોરંજન પૂરું પાડવું એ અમારો મુખ્ય હેતુ છે. આ માટે અમે વિવિધ વિષયો પર કામ કરી રહ્યાં છે અને "ફાટી ને?" ફિલ્મ જોયાં બાદ દર્શકોની અપેક્ષાઓ અમારા પાસેથી વધી જશે તેવી અમને સંપૂર્ણ આશા છે."

ઉલ્લેખનીય છે કે "ફાટી ને?" એ એક હોરર કોમેડી ફિલ્મ છે જેનું શૂટિંગ ઓસ્ટ્રેલિયામાં કરવામાં આવ્યું છે અને ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ઈતિહાસમાં પ્રથમવાર કોઈ ગુજરાતી ફિલ્મમાં મોશન કેપ્ચર્ડ ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ટેક્નોલોજીએ વીએફએક્સનો જ એક ભાગ છે. કેનસ ફિલ્મ્સે સંપૂર્ણ રીતે એ બાબતનું ધ્યાન રાખ્યું છે કે ગુજરાતની બહાર જઈને ફિલ્મ શૂટ કરવા છત્તાં દર્શકોને ફિલ્મ થકી ગુજરાતી સંસ્કૃતિનો સ્વાદ માણવા મળે. આ ફિલ્મમાં હિતુ કનોડિયા, સ્મિત પંડ્યા, આકાશ ઝાલા, ચેતન દૈયા સહિતના કલાકારોની જબરજસ્ત ટીમ છે.

કેનસ ફિલ્મ્સના ઓનર્સ શૈશવ પ્રજાપતિ, હાર્દિક ગોહિલ અને પ્રકાશ સાવંત જણાવે છે કે,"આપણા દેશની બહાર જઈને શૂટ કરવું સહેલું હોતું નથી. આ માટે તે દેશના નિયમો અનુસરવા પડે છે. બજેટમાં રહીને કામ કરવું ઘણું અઘરું બની રહે છે. ફાટી ને? ફિલ્મ માટે અમે ૧ વર્ષ અને ૬ મહિના જેટલો સમય લઈને કામ કર્યું છે. ફિલ્મને સફળ બનાવવા માટે ફિલ્મની સ્ક્રિપ્ટથી લઈને કલાકારો અને પ્રમોશન બધું જ મહત્વનું છે. આ ઉપરાંત માઉથ પબ્લિસિટી પણ મહત્વનો ભાગ ભજવે છે."

આજે ખરેખર જોવાલાયક ગુજરાતી ફિલ્મો બની રહી છે અને આપણે સૌએ આ ફિલ્મો જોવાં માટે એકબીજાને પ્રેરિત કરવાં જોઈએ. આવનાર સમયમાં ફાટી ને? ઉપરાંત "સેવાભાવી" સહીત અન્ય ૩ ગુજરાતી ફિલ્મો પણ કેનસ ફિલ્મ્સના બેનર હેઠળ આવી રહી છે. "સેવાભાવી" ફિલ્મ એ ટૂંક સમયમાં જોજો એપ પર આવશે અને "ફાટી ને?" પણ ટૂંક સમયમાં જ સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ ઉપરાંત "જ્યાં જ્યાં વસે ગુજરાતી" ફિલ્મ પણ ઈનમેકિંગ છે. આમ જોવા જઈએ તો "કેનસ ફિલ્મ્સ" પોતાની અભૂતપૂર્વ કામગીરી દ્વારા દર્શકોને આકર્ષવા તૈયાર છે.




માનવતા ચેરીટેબલ ટ્રસ્ટની પ્રેરણાથી શ્રીપાદ સેલીબ્રેશન સુરત ખાતે "સીડ બોલ વર્કશૉપ " નું આયોજન
માનવતા ચેરીટેબલ ટ્રસ્ટની પ્રેરણાથી શ્રીપાદ સેલીબ્રેશન ગૌરવપથ રોડ સુરત ના રહિશો દ્વારા બાળકો માં પર્યાવરણ જાગૃતિ હેતુ વૃક્ષારોપણની નવતર પદ્ધતિ "સીડ બોલ વર્કશૉપ " નું આયોજન કરવામાં આવ્યુ તથા તેમાં ભાગ લેનાર તમામ બાળકો ને સર્ટીફિકેટ તથા છોડ સાથે કુંડુ ભેટ આપવામાં આવ્યુ.

# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આજે પર્યાવરણ દિવસ ની ઉજવણી

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગુજરાત પદૂષણ નિયંત્રણ બોર્ડ, પ્રાદેશિક કચેરી ગાંધીનગર અને નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના ઉપક્રમે ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ છે.યુનાઈટેડ નેશન એન્વાયરમેન્ટ પ્રોગ્રામ એટલે કે ંદ્રઈ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ ની થીમ જમીન પૂર્વવત કરીએ, રણવૃદ્ધિ અટકાવીએ, દુકાળ પ્રતિકાર સહનતા વધારીએ **" Land Restroation, Desertification and Drought Resilience"** નક્કી કરવામાં આવેલ છે આ થીમ પર પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે જેમાં ૧૦૦ જેટલા રજીસ્ટ્રેશન કરાવેલા વિદ્યાર્થીઓ ભાગ લેશે. ચિત્ર સ્પર્ધાના વિષયો **(1) land restroation (2) desertification (3) drought resilience** (દુષ્કાળની સ્થિતિસ્થાપકતા) રાખવામાં આવ્યા છે. આ સ્પર્ધામાં સિનિયર અને જુનિયર ગ્રુપના વિદ્યાર્થીઓને ઈનામ તથા પ્રમાણપત્ર આપવામાં આવશે દરેક વિદ્યાર્થીઓને તુલસીનો છોડ ભેટમાં આપવામાં આવશે.આ પ્રસંગે ઉપસ્થિત રહેનાર મહેમાનોના હાથે વૃક્ષારોપણ કરવામાં આવશે અત્રે ઉલ્લેખનીય છે કે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા સેક્ટર-૨૩ માં ''નિસર્ગ ઉપવન'' ઊભું કરવામાં આવ્યું છે જેમાં ૩૦૦જેટલા વૃક્ષો ઉછેરવામાં આવ્યા છે.

# ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડનાં સભ્ય ડો. ગીરીશ શાહે ગોવાનાં મુખ્યમંત્રીને ગાય સંરક્ષણ પ્રણાલીને મજબૂત કરવા તથા તમામ ગૌશાળાઓ અને પાંજરાપોળને પશુદીઠ, દૈનિક ?૧૦૦ની સબસિડી આપવા રજૂઆત.

વૈશ્વીક સ્તરે જળ, જંગલ, જમીન, જનાવર, જનની સુખાકારી માટે કાર્યરત સમસ્ત મહાજન દ્વારા સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી અને ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડનાં સભ્ય ડૉ. ગીરીશ શાહ તથા તેમની ટીમે ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતજી સાથે બેઠક કરી ગોવાની તમામ ગૌશાળાઓ અને પાંજરાપોળને પશુ દીઠ ?૧૦૦ની દૈનિક, કાયમી સબસિડી આપવામાં આવે તે અંગેની રજૂઆત કરવામાં આવી હતી. તેમજ દેશના અન્ય રાજ્યોની જેમ ઉનાળાની ઋતુમાં પશુ-પક્ષીઓ માટે દાણા, પાણીની વ્યવસ્થા કરે તેવી પણ રજૂઆત કરાઈ હતી. પ્રમોદ સાવંતજી એ જીવદયાને લગતા અન્ય તમામ મુદ્દાઓ ધ્યાનથી સાંભળ્યા અને શક્ય તમામ મદદ કરવાની ખાત્રી આપેલ હતી.

ડૉ. ગીરીશ શાહે મુખ્યમંત્રી સાથેની વાતચીત દરમિયાન તેમની સાથે ગાય સંરક્ષણના પ્રચાર માટે સમર્પિત એક ખાસ પ્રતિનિધિમંડળ પણ હતું જેમાં સમસ્ત મહાજનના ટ્રસ્ટી દેવેન્દ્રભાઈ જૈન, પ્રકાશજી કાનુંગો પણ હાજર હતા. ગોવાના મુખ્યમંત્રી સાથે ગાય સંરક્ષણ અને તેમના પર થતા અત્યાચારને લગતા ૪-૫ વિશેષ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ વાર્તાલાપમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં નાના પ્રાણીઓ અને ગૌશાળા વ્યવસ્થાપનના પડકારો અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. ડો.શાહે એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના સભ્ય તરીકે મુખ્યમંત્રીને ઘણી મહત્વની સલાહ આપી હતી. તેમણે મુખ્યમંત્રીને ગાય સેવા આયોગની સ્થાપના કરવા, ગોવા રાજ્ય પશુ કલ્યાણ બોર્ડને સક્રિય કરવા અને ઉનાળામાં પશુઓને ખોરાક અને પાણી આપવા અને તેમને નિયમો મુજબ રાહત આપવા માટે વટહુકમ બહાર પાડવા વિનંતી કરી હતી.

×રખડતા ઢોર અને ઢોરને નિયંત્રણમાં લેવા માટેનો કાર્યક્રમ અને તેમના પર અત્યાચાર બંધ કરો.× આને પ્રોત્સાહિત કરવા, તેઓ પોતે તેમના પ્રતિનિધિઓને વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ અને વિવિધ રાજ્ય સરકારોના અધિકારીઓને મળવા મોકલીને ઉકેલ શોધવાનો પ્રયાસ કરી રહ્યા છે. દરમિયાન ડો. ગીરીશ શાહ એવો પણ અભ્યાસ કરી રહ્યા છે કે સરકાર બનતાની સાથે જ તેઓ ભારતીય પશુ કલ્યાણ સમિતિના સભ્ય તરીકે પશુ કલ્યાણની નવી નીતિના વિઝન ડોક્યુમેન્ટ પણ રજૂ કરશે.

ડો. શાહ માને છે કે પશુપાલકો જે ઢોરને છોડે છે, માલિક હોવાને કારણે, પશુપાલકોને પશુઓની ક્રૂરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦, પંચાયતી રાજ અધિનિયમ/કાઝી હાઉસ રૂલ્સ અને કેટલ સ્પેસ એક્ટ હેઠળ જવાબદાર ઠેરવવા જોઈએ અને તેમને મંજૂરી આપવી જોઈએ નહીં. ઢોરને છોડવા જોઈએ. જો આમ કરવામાં આવે તો ઢોરને ત્યજી દેવાની સમસ્યા સંપૂર્ણપણે દૂર થઈ શકે છે. તેમણે કહ્યું કે લખનૌ મ્યુનિસિપલ કોર્પોરેશન દેશની એક એવી મ્યુનિસિપલ સંસ્થા છે જે કેટલ ટ્રેસ પાસ એક્ટ હેઠળ દરરોજ ૨-૫ લાખ રૂપિયાનો દંડ વસૂલે છે, જેના પરિણામે, સ્વચ્છતા સાથે, ત્યજી દેવાયેલા પ્રાણીઓની સંખ્યા નહિવત્ છે.

આ સમયે દેશના ગૌશાળાઓએ આત્મનિર્ભર બનવા માટે આગળ વધવું જોઈએ અને ગોબર અને મૂત્રના વધુ સારા ઉપયોગ માટે કામ કરવું જોઈએ. તેમણે ગૌશાળામાં પાળેલા વૃદ્ધ, બિમાર અને નિ:સહાય પશુઓના સંચાલન માટે ખાલી કે ઉજ્જડ જમીન પર ગોચર બનાવવાની સલાહ આપી હતી અને કહ્યું હતું કે તેમની સંસ્થા તમામ મહાજનોને આત્મનિર્ભર બનાવવા માટે ૫ દિવસની તાલીમ આપે છે, જેમાં ગૌશાળાના પ્રતિનિધિઓને માર્ગદર્શન આપવામાં આવે છે. પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવે છે. તેમણે કહ્યું કે મધ્યપ્રદેશ ગાય સંવર્ધન બોર્ડના નેજા હેઠળ આગામી મહિનામાં આવો એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

ડૉ.ગિરીશ શાહે જણાવ્યું હતું કે, તેઓ કેન્દ્રમાં રચાનારી નવી સરકારને નવી નીતિ બનાવવા માટે દસ્તાવેજ રજૂ કરશે જેથી દેશભરમાં ગાય સંરક્ષણની વર્તમાન સમસ્યાઓનું નિરાકરણ લાવી શકાય અને પશુઓ પર થતા અત્યાચારને અટકાવી શકાય.

સમસ્ત મહાજનનાં ડૉ.ગિરીશ શાહ, દેવેન્દ્રભાઈ જૈન, પ્રકાશજી કાનુંગો સહિતની ટીમે ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતજીનું અભિવાદન કર્યું હતું. અત્રે ઉલેખનીય છે કે, સમસ્ત મહાજનના ડો. ગીરીશભાઈ શાહ અને મિતલ ખેતાણીના માર્ગદર્શન હેઠળ રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે જીવદયા પ્રવૃત્તિઓ સતત કરવામાં આવી રહી છે.

# સી.ઓ. ચેકીંગ ડ્રાઈવમાં ૨૫ વાહન ડીટેઈન, ૧૦૧ વાહનને મેમો આપ્યા



ભાવનગર : ભાવનગર એસ.ટી. તંત્રે મે માસમાં આરટીઓ અને પોલીસને સાથે રાખી સી.ઓ. ચેકીંગ ડ્રાઈવ હાથ ધરી ૨૫ વાહન ડીટેઈન કર્યા હતા. આ ઉપરાંત ૧૦૧ વાહનને મેમો ફટકારી અર્ધા લાખના દંડની વસૂલાત કરી હતી. તેમજ નો પાર્કિંગ ઝોનનો ભંગ કરનારા વાહનચાલકો સામે પણ ડીટેઈન અને દંડનિય કાર્યવાહી કરી હતી.ભાવનગર એસ.ટી. વિભાગની સુરખા શાખા, ભાવનગર આરટીઓ અને પોલીસ દ્વારા મે માસમાં સંયુક્ત રીતે સી.ઓ. ચેકીંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત અલગ-અલગ સ્થળોએ ડ્રાઈવર યોજી પરમીટ ભંગ કરી વધુ પેસેન્જરોનું વહન કરતા તેમજ અન્ય નિયમોનું ઉલ્લંઘન કરતા ૨૫ વાહનને ડીટેઈન કર્યા હતા. આ ઉપરાંત ૧૦૧ વાહનચાલકને મેમો આપી ૫૦,૦૦૦ના દંડની વસૂલાત કરવામાં આવી હતી. સી.ઓ. ચેકીંગ ડ્રાઈવ ઉપરાંત એસ.ટી. ડેપો આસપાસના નો-પાર્કિંગ ઝોનમાં વાહનો ઉભા રાખી મુસાફરો ભરી જતાં વાહનચાલકો સામે તવાઈ બોલાવવામાં આવી હતી. નો પાર્કિંગ ઝોનનો ભંગ કરનારા ૧૦ વાહનને ડીટેઈન કરાયા હતા. જ્યારે પાંચ વાહનચાલકને આરટીઓ અને ૪૫ વાહનને પોલીસ મેમો ફટકારવામાં આવ્યો હતો. નો પાર્કિંગ ઝોનના ભંગ બદલ વાહનધારકો પાસેથી રૂ.૩૩,૫૦૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો તેમ ભાવનગર વિભાગના અવ્વલ સુરક્ષા અધિકારી જે.પી. ગોહિલે જણાવ્યું હતું.

# અમદાવાદ પશ્ચિમમાંથી ભાજપના દિનેશ મકવાણાએ ૨૮૬૪૩૭ મતોની લીડ સાથે જીત હાંસલ કરી

અમદાવાદ પશ્ચિમમાંથી ભાજપના દિનેશ મકવાણાએ કોંગ્રેસના ભરત યોગેન્દ્ર મકવાણાને ૨૮૬૪૩૭ મતોથી હરાવ્યા છે. જે શરૂઆતના વલણથી જ લાખથી વધુ મતો સાથે આગળ ચાલી રહ્યા હતા. ભાજપના ગઢ ગણાતાં ગુજરાતમાંથી ભાજપે કુલ ૨૫ બેઠકો પર જીત હાંસલ કરી છે. જ્યારે ૧ બેઠક પર કોંગ્રેસના ગેનીબેન ઠાકોર બાજી મારી ગયા છે. બનાસકાંઠા બેઠક પરથી ગેનીબેન ઠાકોરે ૩૩૮૦૬ મતોની લીડ સાથે ભાજપની ઓલ ઓવર જીતની હેટ્રિકનો રેકોર્ડ બનતાં અટકાવ્યો છે.અમદાવાદ પશ્ચિમ લોકસભાની બેઠક ૨૦૦૮ના નવા સીમાંકન બાદ રચાઈ છે અને આ બેઠક વર્ષ ૨૦૦૯માં અસ્તિત્વમાં આવી છે જે અનુસૂચિત જાતિ (જીઝ) માટે અનામત છે. આ બેઠક પરથી પ્રથમ ચૂંટણી વર્ષ ૨૦૦૯માં યોજાઈ હતી જેમાં ભાજપના ડૉ. કિરીટ સોલંકી વિજેતા બનીને સાંસદ બન્યા



મળી હતી. ભાજપના ઉમેદવાર ડૉ કિરીટ સોલંકીનો છ લાખથી વધુ મત મેળવીને વિજય થયો હતો. તેમણે કોંગ્રેસના રાજુ પરમારને હરાવ્યા હતા. રાજુ પરમારને ૩ લાખથી વધુ મતો મળ્યા હતા.

અમદાવાદ પશ્ચિમ બેઠક ગુજરાતમાં લોકસભા મતવિસ્તારમાં એક રાજકીય પાવરહાઉસ છે અને રાજ્યના રાજકારણમાં ખુબ જ જાણીતી બેઠક છે. આ પશ્ચિમ બેઠકનો વિસ્તાર મોટાભાગે પૂર્વ અમદાવાદ આવે છે જેમાં અમરાઈવાડી, દરિયાપુર, જમાલપુર-ખાડિયા, મણિનગર, અસારવા અને દાણીલીમડાનો સમાવેશ થાય છે જ્યારે પશ્ચિમ અમદાવાદમાં ફક્ત એલિસબ્રિજ વિધાનસભા મતક્ષેત્ર સામેલ છે. આ બેઠક અંતર્ગત વિધાનસભાની બે અનામત બેઠકો આવે છે. સંપૂર્ણ શહેરી વિસ્તારના મતદારો ધરાવતી આ બેઠકમાં ગત ચૂંટણીમાં ૬૦.૩૭ ટકા જેટલું મતદાન થયું હતું. દિનેશ મકવાણા સૌપ્રથમ નરોડા રોડ વોર્ડના અનુસૂચિત જાતિ મોરચાના અધ્યક્ષ હતા. ૫૪ વર્ષીય દિનેશ મકવાણા છેલ્લા ૩૭ વર્ષથી પાર્ટીમાં કાર્યરત છે. અગાઉ તેઓ અમદાવાદના ૨ વખત પૂર્વ ડેપ્યુટી મેયર રહી ચૂક્યા છે. તો ૫૪ વર્ષીય મકવાણા ૫ ટર્મ સુધી કાઉન્સિલર તરીકે પણ સેવા આપી ચૂક્યા છે. વર્ષ ૨૦૦૯, ૨૦૧૪ અને ૨૦૧૯માં રિપીટ ઉમેદવાર બાદ ભાજપે પ્રથમ

હતા. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં અહીં જોરદાર ટક્કર જોવા વખત ઉમેદવાર બદલ્યા છે. આ બેઠક અમલમાં આવ્યા બાદ અત્યાર સુધી સુધી કિરીટ સોલંકી સાંસદ હતા.લોકસભાની અમદાવાદ પશ્ચિમ બેઠકમાંથી વિધાનસભાની બેઠક પ્રમાણે જોવામાં આવે તો અમરાઈવાડીમાંથી સૌથી વધુ ૨.૮૭ લાખ જ્યારે દરિયાપુરમાંથી સૌથી ઓછા ૨.૦૫ લાખ મતદારો છે. આ સિવાય અમદાવાદ પશ્ચિમમાંથી ૮.૮૨ લાખ પુરુષ ૮.૨૮ લાખ મહિલા અને ૬૯ ટ્રાન્સજેન્ડર્સ એમ કુલ ૧૭.૧૧ લાખ મતદારો છે. જેની સરખામણીએ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી વખતે ૮.૫૧ લાખ પુરુષ ૭.૯૧ લાખ મહિલા અને ૨૫ ટ્રાન્સજેન્ડર્સ એમ કુલ ૧૬.૪૩ લાખ મતદારો હતા.અમદાવાદ પશ્ચિમ બેઠક પર જો જાતિગત સમીકરણોની વાત કરવામાં આવે તો આ બેઠક પર પટણી, ઠાકોર, વણિક, પ્રજાપતિ સમાજનું પ્રભુત્વ જોવા મળે છે તો ક્ષત્રિય-પાટીદાર મતદારોની સંખ્યા વધારે છે.

# એક સમયે કોંગ્રેસનો ગઢ મનાતી બેઠક પર ભાજપની હેટ્રિક, ૮૯૫૮૦ વોટથી કોંગ્રેસના દિગ્ગજની હાર

આણંદની લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર મિતેશ પટેલનો ભવ્ય વિજય થયો છે. તેમની સામે કોંગ્રેસે અમિત ચાવડાને મેદાને ઉતાર્યા હતા. મિતેશ પટેલનો લલગભગ ૮૯૫૮૦ વોટથી વિજય થયો હતો. મિતેશ પટેલને ૬૧૨૨૯૧ વોટ મળ્યા હતા. જ્યારે અમિત ચાવડાને ૫૨૨૪૪૧ વોટ મળ્યા હતા. ગુજરાતની આણંદ બેઠક પર લોકસભા ચૂંટણીમાં ત્રિપાંખિયો જંગ હતો. આણંદ બેઠક પરથી ભાજપે મિતેશ પટેલ અને કોંગ્રેસે અમિત ચાવડાને ટિકિટ આપી હતી. થોડા દિવસ પહેલા એનસીપીના પ્રદેશ પ્રમુખ જયંત પટેલ (બોક્સી)એ સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકીને આણંદ બેઠક પરથી ચૂંટણી લડવાની જાહેરાત કરી હતી.

આણંદ બેઠક પર વર્ષો સુધી કોંગ્રેસનો દબદબો રહ્યો હતો. આ બેઠક પર ૧૧ વખત કોંગ્રેસ અને ચાર વખત ભાજપની જીત થઈ છે. જો કે, કોંગ્રેસનો ગઢ રહેલી આણંદ બેઠક પર છેલ્લી બે ટર્મથી ભાજપના ઉમેદવાર જીત્યા છે, તો આ બેઠક પર ઈશ્વરભાઈ ચાવડા પાંચ વખત વિજેતા થયા હતા અને ભરતસિંહ સોલંકી સતત બે વખત જીત્યા હતા. જો કે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપના મિતેશ પટેલ સામે ભરતસિંહ સોલંકીની હાર થઈ હતી.

આ બેઠક પર ભાજપે ગત લોકસભા ચૂંટણીમાં નો-રિપીટ થિયરી અપનાવીને ઉદ્યોગપતિ મિતેશ પટેલને ટિકિટ આપીને દિલીપ પટેલનું પત્તું કાપી નાખ્યું હતું. ત્યારે પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીના પુત્ર ભરતસિંહ હારી જતા તેમણે ચૂંટણી લડવાનો ઈનકાર કર્યો હતો. ભરતસિંહના ઈનકાર બાદ કોંગ્રેસે અમિત ચાવડાને મેદાનમાં ઉતાર્યા હતા, જ્યારે ભાજપે મિતેશ પટેલ રિપીટ કર્યા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.